નવી સેવા વર્ષ–૨૦૧૩–૧૪.
ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદની કચેરીના નિયંત્રણ હેઠળની જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ,આહવા–ડાંગની કચેરીના મહેકમને વહીવટી મંજુરી આપવા બાબતે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૫૦૫/ફ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :–૧૪/૦૫/૨૦૧૩.
2 7 MAY 2013

વંચાણે લીધા :–

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદનો પત્રક્રમાંકઃકજ/વહટ/૧૧૦૦/૧૦૫૨–૧૦૫૪//૨૦૧૩નો તા.૬/૦૩/૨૦૧૩.

ઠરાવ :–

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદના નિયંત્રણ હેઠળના આહવા–ડાંગ જિલ્લાના જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ કચેરીની નવી કચેરી ખોલવા તેમજ તેના સાધનસામગ્રી અને ફર્નિચર તથા તેના મહેકમ માટેનો ખર્ચ રુ.૧૫,૬૨,૦૦૦/– (અંકે રુપિયા પંદર લાખ બાસઠ હજાર પુરા) નવી સેવા સને–૨૦૧૩–૧૪ ના વર્ષ દરમ્યાન અંદાજપત્રમાં રુ.૧૨.૫૦ લાખ(પ્લાન) અને રુ.૩.૧૨લાખ(નોન–પ્લાન)સદર મંજુર થયેલ છે. જેની નવી કચેરી ખોલવા માટેના સાધનસામગ્ર અને ફર્નિચર ખરીદવા તેમજ મહેકમ સંબંધિત નવી જગ્યાઓ નિયમિત પગાર ધોરણથી ભરવા વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. જેને નીચે મુજબનું મહેકમ અને જણાવેલ શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ. | હોદ્દો. | જગ્યાની સંખ્યા. | પગાર ધોરણ | ગ્રેડ–પે |
|---|---|---|---|---|
| 1 | જિલ્લા કમાન્ડન્ટ(વર્ગ–૧)માનદ | 01 | | |
| 2. | સબ ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકર(વર્ગ–૩) | 01 | 9300-34800 | 4600 |
| 3. | કલાક–કમ–ટાઈપીસ્ટ(વર્ગ–૩) | 01 | 5200-20200 | 1900 |
| 4. | આર્મરર(વર્ગ–૩) | 01 | 5200-20200 | 1800 |
| 5 | ડ્રાઈવર(વર્ગ–૩) | 01 | સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ આ જગ્યાઓની સેવા આઉટસોર્સથી લેવાની રહેશે. | |
| 6 | પટાવાળા(વર્ગ–૩) | 01 | | |

શરતો :–

(૧) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણ અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ તા.૧/૮/૨૦૦૬ તથા તા.૨૯/૪/૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ તથા તા.૧૦/૫/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ભરવાની રહેશે.

(૨) જે તે નિયમિત પગાર ધોરણવાળી જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી ડાયરેકટર જનરલશ્રી,સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય,અમદાવાદની કચેરીની રહેશે.

(૩) સીધી ભરતીથી નિમણુંક પામનારા ઉમેદવારોને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તથા તા.૨૭/૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃનપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–(પા.ફા)પી ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તચા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.તથા આ અંગેના વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૪) આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ડાયરેકટર જનરલશ્રી,સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદે જોવાનું રહેશે.

(૫) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો/નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસારીને કરવાની રહેશે.

(૬) પ્રસ્તુત કચેરી માટે ૩ કોમ્પ્યુટર,૧ ઝેરોક્ષ અને કચેરી માટે જરુરી ફર્નિચર કરકસર યુકત રીતે અને જરુરીયાત મુજબ પ્રવર્તમાન ખરીદ પધ્ધતિ અનુસાર ખરીદવાનું રહેશે.

(૭) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૮) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) આ નવી જગ્યાઓ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાંકીય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૦) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્તઅંદાજપત્રીય જોગવાઈ ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે કરાવી લેવાની રહેશે.

(૧૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ અમદાવાદે કરવાનું રહેશે.

(૧૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી,બચત રહેતી રકમ વર્ષ આખરે ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે સરન્ડર કરવાની રહેશે.

(૧૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

(૧૬) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગનાતા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઈ–ટેન્ડરીગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૩–૧૪ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંકઃ | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૨૦૭૦–બીજી વહીવટી સેવાઓ–૧૦૭–હોમગાર્ડઝ(૧) હોમગાર્ડઝ. |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૦૭–ગૃહ રક્ષક દળ |
| (૫) પેટા સદર | ૦૧– MEP-25 ગૃહ રક્ષક દળ(૨૫ % કેન્દ્ર પુરસ્કૃત યોજના) |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| (૮) સ્કીમ કોડ | MEP-25 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૫૨૫ |

૩. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૪/૨૦૧૩ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડયા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) અગ્રસચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) અગ્રસચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૩) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૪) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજ્ય,લાલ દરવાજા,અમદાવાદ.
(૫) મેનેજીગ ડીરેકટરશ્રી,ગુજરાત પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગર.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
(૭) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
(૮) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૯) શાખા સિલેકટ ફાઈલ.